# (D - 97) નંદીશ્વર શોભે સુવર્ણમાં

(રાગ : લાખ લાખ દીવડાની આરતી)



ઊંચાં ઊંચાં મારાં મંદિરિયાં સોહે,
અનુપમ અદ્‌ભુત મારા જિનવરજી સોહે;
દશ્યો એ આનંદકાર,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)

લાખ લાખ હીરલાના કળશ ચડાવીએ,
લાખ લાખ મોતીનાં તોરણ બંધાવીએ;
લાખોનાં મંદિર સોહાય,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)....ઊંચાં૦

પાવન પદાર્પણ આદિ-જિણંદનાં,
મંગળ પગલાં આજ ભાવી ભગવંતનાં,
ચરણો પવિત્ર અહો! શાશ્વત જિણંદનાં;
હૈડામાં હર્ષ ઊભરાય,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)....ઊંચા૦

શાશ્વત જિનધામ અતિ રમ્ય જિણંદના,
ઊર્ધ્વલોક, મધ્યલોક, અધઃસ્થલોકમાં;
વંદુ જિનેશ જિનધામ,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)...ઊંચાં૦

શાશ્વત જિનબિંબ ત્રણ લોકે વિરાજે,
રચના નૈસર્ગિક કેવી અદ્‌ભુત એ;
જિનવર જયવંત વિશ્વમાંય,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)...ઊંચાં૦

પગલે પગલે ગુણ ગાઓ જિણંદના,
હૈડામાં વેણલા વહાવો આનંદનાં;
જન્મોનાં દુઃખડા જાય,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)....ઊંચાં૦

ધન્ય ઉજમબા–માતાના નંદન,
મંગળમૂર્તિને મારાં કોટિ કોટિ વંદન;
પગલે પગલે પ્રભાવ,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)....ઊંચાં૦

સ્વર્ગેથી કહાનગુરુ! ભરતે પધારો,
જિનવરમહિમા ગુરુ! ભરતે વહાવો,
સત્ય સ્વરૂપની વાણી વરસાવો;
ચરણોમાં વારી વારી જાઉં,
નંદીશ્વર શોભે 'સુવર્ણ'માં.
(–જિનધામ શોભે 'સુવર્ણ'માં.)....ઊંચાં૦